દાદા ભગવાન પ્રરૂપિત

એડજસ્ટ એવરીવ્હેર



દરેક જોડે 'એડજસ્ટમેન્ટ' થાય, એ જ મોટામાં મોટો ધર્મ

દાદા ભગવાન પ્રરૂપિત

એડજસ્ટ એવરીવ્હેર

સંકલન : ડૉ. નીરુબેન અમીન

પ્રકાશક : શ્રી અજિત સી. પટેલ

દાદા ભગવાન આરાધના ટ્રસ્ટ

દાદા દર્શન, ૫, મમતાપાર્ક સોસાયટી,
નવગુજરાત કોલેજ પાછળ, ઉસ્માનપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત.

ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

પ્રથમ આવૃતિ :	૫,૦૦૦	મે, ૧૯૯૭
રીપ્રિન્ટ :	૫,૧૧,૦૦૦	જુલાઈ ૧૯૯૭ થી ઓક્ટોબર, ૨૦૧૪
નવી રીપ્રિન્ટ :	૨૫,૦૦૦	નવેમ્બર, ૨૦૧૪

ભાવ મૂલ્ય : 'પરમ વિનય' અને
'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !

દ્રવ્ય મૂલ્ય : ૭ રૂપિયા

મુદ્રક : અંબા ઓફસેટ
પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં,
નવી રિઝર્વ બેંક પાસે, ઉસ્માનપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૪

ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪

દાદા ભગવાન પ્રરુપિત આધ્યાત્મિક પ્રકાશનો

૧. ભોગવે તેની ભૂલ
૨. બન્યું તે જ ન્યાય
૩. એડજસ્ટ એવરીવ્હેર
૪. અથડામણ ટાળો
૫. ચિંતા
૬. ક્રોધ
૭. માનવધર્મ
૮. સેવા-પરોપકાર
૯. હું કોણ છું ?
૧૦. દાદા ભગવાન ?
૧૧. ત્રિમંત્ર
૧૨. દાન
૧૩. મૃત્યુ સમયે, પહેલાં અને પછી
૧૪. ભાવના સુધારે ભવોભવ
૧૫. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી
૧૬. પ્રતિક્રમણ (ગ્રંથ, સંક્ષિપ્ત)
૧૭. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (ગ્રં., સં.)
૧૮. મા-બાપ છોકરાંનો વ્યવહાર (ગ્રં., સં.)
૧૯. પૈસાનો વ્યવહાર (ગ્રં., સં.)
૨૦. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (ગ્રં., સં.)
૨૧. વાણીનો સિદ્ધાંત
૨૨. કર્મનું વિજ્ઞાન
૨૩. પાપ-પુણ્ય
૨૪. સત્ય-અસત્યના રહસ્યો
૨૫. અહિંસા
૨૬. પ્રેમ
૨૭. ચમત્કાર
૨૮. વાણી, વ્યવહારમાં....
૨૯. નિજદોષ દર્શનથી, નિર્દોષ
૩૦. ગુરુ-શિષ્ય
૩૧. આપ્તવાણી-૧
૩૨. આપ્તવાણી-૨
૩૩. આપ્તવાણી-૩
૩૪. આપ્તવાણી-૪
૩૫. આપ્તવાણી-૫-૬
૩૬. આપ્તવાણી-૭
૩૭. આપ્તવાણી-૮
૩૮. આપ્તવાણી-૯
૩૯. આપ્તવાણી-૧૦ (પૂ.,ઉ.)
૪૦. આપ્તવાણી-૧૧ (પૂ.,ઉ.)
૪૧. આપ્તવાણી-૧૨ (પૂ.,ઉ.)
૪૨. આપ્તવાણી-૧૩ (પૂ.,ઉ.)
૪૩. આપ્તવાણી-૧૪ (ભાગ ૧થી ૪)
૪૪. આપ્તસૂત્ર
૪૫. ક્લેશ વિનાનું જીવન
૪૬. સહજતા

(ગ્રં.-ગ્રંથ,સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉત્તરાર્ધ)

હિન્દી, અંગ્રેજી, મરાઠી, તેલુગુ, મલયાલમ, પંજાબી, ઉડીયા, જર્મન તથા સ્પેનીશ ભાષામાં ભાષાંતરિત થયેલા પરમ પૂજ્ય દાદા ભગવાનના પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થાય છે.

ત્રિમંત્ર





નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઇ મંગલં ૧
ૐ નમો ભગવતે વાસુદેવાય ૨
ૐ નમઃ શિવાય ૩
જય સચ્ચિદાનંદ





'દાદા ભગવાન' કોણ ?

જૂન ઓગણીસસો અઠ્ઠાવનની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતું સુરતનું સ્ટેશન, પ્લેટફોર્મ નં. ૩ પરનાં રેલવેનાં બાંકડા પર બેઠેલા અંબાલાલ મૂળજીભાઈ પટેલ રૂપી મંદિરમાં કુદરતી ક્રમે અક્રમ સ્વરૂપે કંઈક જન્મોથી વ્યક્ત થવા મથતા 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા ! અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્ભૂત આશ્ચર્ય ! એક કલાકમાં વિશ્વદર્શન લાધ્યું ! 'આપણે કોણ ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ? 'ઈ. જગતનાં તમામ આધ્યાત્મિક પ્રશ્નોનાં સંપૂર્ણ ફોડ પડ્યા ! આમ કુદરતે, જગતને ચરણે એક અજોડ પૂર્ણ દર્શન ધર્યું અને તેનું માધ્યમ બન્યા શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલ, ચરોતરનાં ભાદરણ ગામનાં પાટીદાર, કંટ્રાક્ટનો ધંધો કરનાર, છતાં પૂર્ણ વીતરાગ પુરૂષ !

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, અન્યને પણ પ્રાપ્તિ કરાવી આપતાં, એમના અદ્ભૂત સિધ્ધ થયેલા જ્ઞાનપ્રયોગથી ! એને અક્રમ માર્ગ કહ્યો. અક્રમ એટલે ક્રમ વિનાનો અને ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનો ! અક્રમ એટલે લિફ્ટ માર્ગ ! શોર્ટકટ !

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?' નો ફોડ પાડતા કહેતાં કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય. દાદા ભગવાન તો ચૌદલોકના નાથ છે, એ તમારામાં ય છે, બધામાં ય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે ! હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) ગામેગામ-દેશવિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતાં હતાં. દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ પૂજ્ય ડૉ. નીરુબહેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા. પૂજ્ય દીપકભાઈ દેસાઈને દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. નીરુમાની હાજરીમાં તેમના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશોમાં ઘણાં ગામો-શહેરોમાં જઈને આત્મજ્ઞાન કરાવી રહ્યા હતા. જે નીરુમાના દેહવિલય બાદ ચાલુ જ રહેશે. આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને જવાબદારીઓ પૂરી કરતાં પણ મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

સંપાદકીય

જીવનમાં સમજીને દરેક પ્રસંગે આપણે જાતે જ સામાને એડજસ્ટ નહિ થઈ જઈએ તો ભયંકર અથડામણ થયા જ કરશે. જીવન વિષમય જશે અને અંતે તો જગત મારી-ઠોકીનેય એડજસ્ટમેન્ટ આપણી પાસેથી લેવડાવશે જ ! મને-કમને એડજસ્ટ થવું જ પડે જ્યાં-ત્યાં આપણે સામે ચાલીને, તો સમજીને કેમ ના એડજસ્ટ થવું કે જેથી કેટલીય અથડામણો ટાળી શકાશે ને સુખ-શાંતિ સ્થપાશે !

Life is nothing but adjustments. (જીવન એ બીજું કશું નથી, માત્ર એડજસ્ટમેન્ટ છે.) જન્મ્યા ત્યાંથી મરતાં સુધી એડજસ્ટમેન્ટ લેવાં જ પડે, પછી રડીને લો કે હસીને ! ભણવાનું ગમે કે ના ગમે પણ એડજસ્ટ થઈને ભણવું જ પડે. પરણતાં કદાચ ખુશ થઈને પરણીએ પણ પરણ્યા પછી આખી જીંદગી પતિ-પત્નીએ સામસામા એડજસ્ટમેન્ટ લેવાં જ પડે છે. બે ભિન્ન પ્રકૃતિઓએ આખી જિંદગી ભેગા રહી, પડ્યું પાનું નિભાવવાનું હોય છે. આમાં એકબીજાને બધી રીતે એડજસ્ટ થઈ જાય જિંદગીભર, આ કાળમાં એવાં કોણ ભાગ્યશાળી હશે ? અરે, રામચંદ્રજી અને સીતાજીને પણ કેટલીય જગ્યાએ ડિસ્એડજસ્ટમેન્ટ નહોતાં થયાં ? સોનેરી હરણ અને અગ્નિપરીક્ષા ને ગર્ભવતી હોવાં છતાં જંગલમાં હકાલપટ્ટી ! એમણે કેવાં એડજસ્ટમેન્ટ લીધાં હશે ?

મા-બાપ અને છોકરાં એ એકબીજા સાથે ડગલે ને પગલે શું એડજસ્ટમેન્ટ નથી લેવાં પડતાં ? જો સમજીને એડજસ્ટ થઈ જાય તો શાંતિ રહે ને કર્મ ના બાંધે. કુટુંબમાં, ફ્રેન્ડસ્‌માં, ધંધામાં, બધે જ, બોસ જોડે કે વેપારી કે દલાલ જોડે કે તેજી-મંદીના વાયરાઓ જોડે આપણે એડજસ્ટમેન્ટ ના લઈએ તો કેટલાં દુઃખના ડુંગરો ખડકાય ?

માટે 'એડજસ્ટ એવરીવ્હેર'ની માસ્ટર કી લઈને જે જીવે, તેને જીવનમાં કોઈ તાળું ના ખૂલે એવું ના બને. જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદાશ્રીનું સોનેરી સૂત્ર 'એડજસ્ટ એવરીવ્હેર' જીવનમાં એડજસ્ટ કરી દઈએ તો સંસાર સુખમય થઈ જાય !

- ડૉ. નીરુબેન અમીન

એડજસ્ટ એવરીવ્હેર

પચાવો એક જ શબ્દ

પ્રશ્નકર્તા : હવે તો જીવનમાં શાંતિનો સરળ માર્ગ જોઈએ છે.

દાદાશ્રી : એક જ શબ્દ જીવનમાં ઉતારશો, બરોબર એક્ઝેક્ટ ?

પ્રશ્નકર્તા : એક્ઝેક્ટ, હા.

દાદાશ્રી : 'એડજસ્ટ એવરીવ્હેર' આટલો જ શબ્દ જો તમે જીવનમાં ઉતારી નાખો, બહુ થઈ ગયું, તમારે શાંતિ એની મેળે ઊભી થશે. પહેલું છે તે છ મહિના સુધી અડચણો આવશે, પછી એની મેળે જ શાંતિ થઈ જશે. પહેલાં છ મહિના પાછલાં રીએક્શન આવશે, શરૂઆત મોડી કરી તે બદલના. માટે 'એડજસ્ટ એવરીવ્હેર'. આ કળિયુગનાં આવાં ભયંકર કાળમાં તો એડજસ્ટ નહીં થાવને, તો ખલાસ થઈ જશો.

સંસારમાં બીજું કશું ના આવડે તેનો વાંધો નથી, પણ 'એડજસ્ટ' થતાં તો આવડવું જ જોઈએ. સામો 'ડિસ્એડજસ્ટ' થયા કરે ને આપણે 'એડજસ્ટ' થયા કરીએ તો સંસારમાં તરી પાર ઊતરી જશો. બીજાને અનુકૂળ થતાં આવડે, એને કોઈ દુઃખ જ ન હોય. 'એડજસ્ટ એવરીવ્હેર.' દરેક જોડે 'એડજસ્ટમેન્ટ' થાય, એ જ મોટામાં મોટો ધર્મ. આ કાળમાં તો જુદી જુદી પ્રકૃતિઓ, તે 'એડજસ્ટ' થયા વગર કેમ ચાલે ?

ડખો નહીં, 'એડજસ્ટ' થાઓ

સંસારનો અર્થ જ સમસરણ માર્ગ, એટલે નિરંતર પરિવર્તન પામ્યા કરે. ત્યારે આ ઘૈડિયાઓ જૂના જમાનાને જ વળગી રહે. અલ્યા, જમાના પ્રમાણે કર, નહીં તો માર ખઈને મરી જઈશ. જમાના પ્રમાણે એડજસ્ટમેન્ટ લેવું જોઈએ. મારે તો ચોર જોડે, ગજવાં કાપનાર જોડે, બધાં જોડે એડજસ્ટમેન્ટ થાય. ચોર જોડે અમે વાત કરીએ તો એય જાણે કે આ કરુણાવાળા છે. અમે ચોરને 'તું ખોટો છે' એવું ના કહીએ. કારણ કે એનો એ 'વ્યુ પોઈન્ટ' છે. ત્યારે લોક એને 'નાલાયક' કહીને ગાળો ભાંડે. ત્યારે આ વકીલો જુઠ્ઠા નથી ? 'સાવ જુઠ્ઠો કેસ જિતાડી આપીશ' એમ કહે, તે એ ઠગારા ના કહેવાય ? ચોરને લુચ્ચો કહે ને આ તદ્દન જુઠ્ઠા કેસને સાચો કહે, તેનો સંસારમાં વિશ્વાસ કેમ કરાય ? છતાં એનુંય ચાલે છે ને ! કોઈનેય અમે ખોટો ના કહીએ. એ એના 'વ્યુ પોઈન્ટ'થી કરેક્ટ જ છે. પણ એને સાચી વાતની સમજ પાડીએ કે આ ચોરી કરે છે, તેનું ફળ તને શું આવશે.

આ ઘૈડિયાં ઘરમાં પેસે તો કહેશે, 'આ લોખંડનું કબાટ ? આ રેડિયો ? આ આવું કેમ ? તેવું કેમ ?' એમ ડખો કરે. અલ્યા, કોઈ જુવાનની દોસ્તી કર. આ તો યુગ બદલાયા જ કરવાનો. તે વગર આ જીવે શી રીતે ? કંઈક નવું જુએ એટલે મોહ થાય. નવું ના હોય તો જીવે શી રીતે ? આવું નવું તો અનંત આવ્યું ને ગયું, તેમાં તમારે ડખો કરવાનો ના હોય. તમને ના ફાવે તો તે તમારે ના કરવું. આ આઈસ્ક્રીમ તમને એમ નથી કહેતો કે અમારાથી ભાગો. આપણે ના ખાવો હોય તો ના ખઈએ. આ તો ઘૈડિયાં એની પર ચિઢાયા કરે. આ મતભેદો તો જમાનો બદલાયો એના છે. આ છોકરાં તો જમાના પ્રમાણે કરે. મોહ એટલે નવું નવું ઉત્પન્ન થાય અને નવું ને નવું જ દેખાય છે. અમે નાનપણથી બુદ્ધિથી બહુ વિચારી લીધેલું કે આ જગત ઊંધું થઈ રહ્યું છે કે છતું થઈ રહ્યું છે. અને એ પણ સમજાયેલું કે આ જગતને ફેરવવાની કોઈને સત્તા જ નથી. છતાં અમે શું કહીએ છીએ કે, જમાના પ્રમાણે એડજસ્ટ થાવ. છોકરો નવી ટોપી પહેરીને આવે તો એવું ના

કહીએ કે, આવું કંઈથી લઈ આવ્યો ? એના કરતાં એડજસ્ટ થઈએ કે, 'આવી સરસ ટોપી ક્યાંથી લાવ્યો ? કેટલાંની આવી ? બહુ સસ્તી મળી ?' આમ એડજસ્ટ થઈ જઈએ.

આપણો ધર્મ શું કહે છે કે અગવડમાં સગવડ જોવી. રાત્રે મને વિચાર આવ્યો કે 'આ ચાદર મેલી છે' પણ પછી એડજસ્ટમેન્ટ મૂકી દીધું તે એટલી સુંવાળી લાગે કે ના પૂછો વાત ! પંચેન્દ્રિયજ્ઞાન અગવડ દેખાડે અને આત્મા સગવડ દેખાડે. માટે આત્મામાં રહો.

ગંધાતા જોડે એડજસ્ટમેન્ટ

આ વાંદરાની ખાડી ગંધાય, તો એને શું વઢવા જવાય ? તેમ આ માણસો ગંધાય છે, તેને કંઈ કહેવા જવાય ? ગંધાય એ બધી ખાડીઓ કહેવાય ને સુગંધી આવે એ બાગ કહેવાય. જે જે ગંધાય છે એ બધા કહે છે કે, 'તમે અમારી જોડે વીતરાગ રહો.'

આ તો સારું-ખોટું કહેવાથી એ આપણને પજવે છે. આપણે તો બન્નેને સરખાં કરી નાખવાનાં છે. આને સારું કહ્યું એટલે પેલું ખોટું થયું, એટલે પછી એ પજવે. પણ બંનેનું 'મિક્ષ્ચર' કરી નાખીએ એટલે પછી અસર ના રહે. 'એડજસ્ટ એવરીવ્હેર'ની અમે શોધખોળ કરી છે. ખરું કહેતો હોય તેની જોડેય ને ખોટું કહેતો હોય તેની જોડેય 'એડજસ્ટ' થા. અમને કોઈ કહે કે, 'તમારામાં અક્કલ નથી.' તો અમે તેને તરત 'એડજસ્ટ' થઈ જઈએ ને તેને કહીએ કે, 'એ તો પહેલેથી જ ન્હોતી. હમણાં તું ક્યાં ખોળવા આવ્યો છે ? તને તો આજે એની ખબર પડી. પણ હું તો નાનપણથી એ જાણું છું.' આમ કહીએ એટલે ભાંજગડ મટીને ? ફરી એ આપણી પાસે અક્કલ ખોળવા જ ના આવે. આમ ના કરીએ તો 'આપણે ઘેર' (મોક્ષ) ક્યારે પહોંચાય ?

વાઈફ જોડે એડજસ્ટમેન્ટ

પ્રશ્નકર્તા : એડજસ્ટ કેવી રીતે થવું, એ જરા સમજાવો.

દાદાશ્રી : આપણે કંઈક કારણસર મોડું થઈ ગયું અને વાઈફ ઊંધું, અવળું-સવળું બોલવા માંડી, 'આટલાં મોડાં આવો છો, મને નહીં ફાવે ને આ બધું આમ ને તેમ...', એનું મગજ ખસી ગયું. તો આપણે કહીએ કે 'હા, તારી વાત ખરી છે, તું કહેતી હોય તો પાછો જઉં, તું કહેતી હોય તો મહીં બેસું.' ત્યારે કહે, 'ના, પાછાં ના જશો, અહીં સૂઈ જાવ છાનામાના.' પણ પછી કહીએ, 'તું કહું તો ખાઉં, નહીં તો સૂઈ જાઉં.' ત્યારે કહે, 'ના, ખઈ લો.' એટલે આપણે એને વશ થઈને ખઈ લેવું. એટલે એડજસ્ટ થઈ ગયા. એટલે સવારમાં ચા ફર્સ્ટ ક્લાસ આપે અને જો ડફળાવીએ ઉપરથી, તો ચાનો કપ છણકો મારીને આપે, તે ત્રણ દા'ડા સુધી ચાલ્યા જ કરે.

ખાવ ખીચડી કે હોટલના પીઝા ?

એડજસ્ટ થતાં ના આવડે તો શું કરે ? લોકો વાઈફ જોડે લડે ખરાં ?

પ્રશ્નકર્તા : હા.

દાદાશ્રી : એમ ? શું વહેંચવા સારુ ? વાઈફની જોડે શું વહેંચવાનું ? મિલકત તો સહિયારી છે.

પ્રશ્નકર્તા : ધણીને ગુલાબજાંબુ ખાવા હોય અને વાઈફ ખીચડી બનાવે, એટલે પછી ઝઘડો થાય.

દાદાશ્રી : પછી છે તે ઝઘડા કર્યા પછી શું ગુલાબજાંબુ આવે ? પછી ખીચડી જ ખાવી પડે.

પ્રશ્નકર્તા : પછી બહાર હોટલમાંથી પીઝા મંગાવે.

દાદાશ્રી : એમ ? એટલે પેલુંય રહ્યું ને પેલુંય રહ્યું. પીઝા આવી જાય, નહીં ? પણ આપણું પેલું તો જતું રહ્યું. એનાં કરતાં આપણે વાઈફને કહ્યું હોય કે 'તમને અનુકૂળ આવે તે બનાવો.' એનેય કો'ક દહાડો ભાવ તો થશે જ ને ! એ ખાવાનું નહીં ખાય ? તો આપણે કહીએ, 'તમને

અનુકૂળ આવે તે બનાવજો.' ત્યારે કહે, 'ના, તમને અનુકૂળ આવે તે બનાવવું છે.' તો આપણે કહીએ કે 'ગુલાબજાંબુ બનાવો.' અને જો આપણે પહેલેથી ગુલાબજાંબુ કહીએ એટલે એ કહેશે, 'ના, હું ખીચડી બનાવવાની.' એ વાંકું બોલશે.

પ્રશ્નકર્તા : આવા મતભેદ બંધ કરવાનો શું રસ્તો બતાડો છો ?

દાદાશ્રી : આ તો હું રસ્તો બતાવું છું કે 'એડજસ્ટ એવરીવ્હેર'. એ કહે કે, 'ખીચડી બનાવવી છે.' તો આપણે 'એડજસ્ટ' થઈ જવું. અને તમે કહો કે 'ના, અત્યારે આપણે બહાર જવું છે. સત્સંગમાં જવું છે.' તો એમણે 'એડજસ્ટ' થઈ જવું જોઈએ. જે પહેલું બોલે, તેને આપણે એડજસ્ટ થઈ જવું.

પ્રશ્નકર્તા : તો પહેલું બોલવા માટે મારામારી થશે.

દાદાશ્રી : હા, એમ કરજે પણ એને 'એડજસ્ટ' થઈ જવું. કારણ કે તારા હાથમાં સત્તા નથી. એ સત્તા કોના હાથમાં છે, તે હું જાણું છું. એટલે આમાં 'એડજસ્ટ' થઈ જાય તો વાંધો છે, ભાઈ ?

પ્રશ્નકર્તા : ના, જરાય નહીં.

દાદાશ્રી : બેન, તને વાંધો છે ?

પ્રશ્નકર્તા : ના.

દાદાશ્રી : તો પછી એનો નિકાલ કરી નાખોને !

'એડજસ્ટ એવરીવ્હેર', એમાં વાંધો ખરો ?

પ્રશ્નકર્તા : ના, જરાય નહીં.

દાદાશ્રી : એ પહેલાં બોલે, કે આજે ડુંગળીના ભજિયાં, લાડવા, શાક બધું બનાવો એટલે આપણે એડજસ્ટ થઈ જવું અને તમે બોલો કે આજે વહેલું સૂઈ જવું છે, તો એમણે એડજસ્ટ થઈ જવું જોઈએ.

(ભાઈને સંબોધી) તમારે કોઈ ભઈબંધને ત્યાં જવાનું હોય તોય બંધ રાખીને વહેલા સૂઈ જવું. કારણ કે ભઈબંધ જોડે ભાંજગડ થશે, એ જોઈ લેવાશે પણ આ પહેલી ભાંજગડ અહીં ના થવા દેવી. આ તો ભઈબંધને ત્યાં સારું રાખવા માટે અહીં ભાંજગડ કરે, એવું ના હોવું જોઈએ. એટલે એ પહેલાં બોલે તો આપણે 'એડજસ્ટ' થઈ જવું.

પ્રશ્નકર્તા : પણ એમને આઠ વાગે મીટિંગમાં જવાનું હોય, અને બહેન કહે કે, હવે સૂઈ જાવ, તો પછી એમણે શું કરવું ?

દાદાશ્રી : એ કલ્પનાઓ નહીં કરવાની. કુદરતનો નિયમ એવો છે કે 'વ્હેર ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે.' (જો ઈચ્છા હોય તો રસ્તો મળી આવે.). કલ્પના કરશો તો બગડશે. એ તો તે દહાડે એ જ કહેતી હતી કે, તમે જલ્દી જાવ. પોતે ગેરેજ સુધી મૂકવા આવશે. આ કલ્પના કરવાથી બધું બગડે છે. એટલા માટે એક પુસ્તકમાં લખેલું છે, 'વ્હેર ધેર ઈઝ એ વીલ, ધેર ઈઝ એ વે.' આટલું પાળો તો બહુ થઈ ગયું. પળાશે ?

પ્રશ્નકર્તા : હા જી.

દાદાશ્રી : લે પ્રોમિસ આપ. ખરાં ! ખરાં ! આનું નામ શૂરવીર કહેવાય, પ્રોમિસ આપી !

જમવામાં એડજસ્ટમેન્ટ

વ્યવહારમાં રહ્યો એનું નામ કહેવાય કે જે 'એડજસ્ટ એવરીવ્હેર' થયો ! હવે ડેવલપમેન્ટનો જમાનો આવ્યો. મતભેદ ના પાડવા. એટલે અત્યારે લોકોને મેં શબ્દ આપ્યો છે, 'એડજસ્ટ એવરીવ્હેર' ! એડજસ્ટ, એડજસ્ટ, એડજસ્ટ ! કઢી ખારી થઈ, તો સમજી જવાનું કે દાદાએ એડજસ્ટમેન્ટ કહ્યું છે, પછી એ કઢી થોડી ખઈ લેવી. હા, કંઈ અથાણું યાદ રહે તો પાછું થોડું મંગાવવું કે અથાણું લઈ આવો ! પણ ઝઘડો નહીં. ઘરમાં ઝઘડો ના હોય. પોતે કોઈ જગ્યાએ મુશ્કેલીમાં મૂકાયેલો હોય ત્યારે તે પોતાનું 'એડજસ્ટમેન્ટ' કરી લે તોય સંસાર રૂપાળો લાગે.

ન ભાવે તોય નભાવો

તારી જોડે જે કોઈ ડિસ્એડજસ્ટ થવા આવે, તેને તું એડજસ્ટ થઈ જા. રોજિંદા જીવનમાં જો સાસુ-વહુને કે દેરાણી- જેઠાણીને ડિસ્એડજસ્ટમેન્ટ થતું હોય તો, જેને આ સંસાર ઘટમાળમાંથી છૂટવું હોય, તેણે એડજસ્ટ થઈ જ જવું જોઈએ. ધણી-ધણીયાણીમાંય જો એક ફાડ ફાડ કરતું હોય તો બીજાએ સાંધી લેવું, તો જ સંબંધ નભશે અને શાંતિ રહેશે. જેને એડજસ્ટમેન્ટ કરતાં ન આવડે, તેને લોક મેન્ટલ (ગાંડો) કહે છે. આ રિલેટિવ સત્યમાં આગ્રહ, જકની જરાય જરૂર નથી. માણસ તો કોનું નામ ? એવરીવ્હેર એડજસ્ટેબલ ! ચોરની સાથેય એડજસ્ટ થઈ જવું જોઈએ.

સુધારવી કે એડજસ્ટ થવું ?

દરેક વાતમાં આપણે સામાને 'એડજસ્ટ' થઈ જઈએ તો કેટલું બધું સરળ થઈ જાય ! આપણે જોડે શું લઈ જવાનું છે ? કોઈ કહેશે કે, 'ભાઈ, એને સીધી કરો.' 'અરે, તું એને સીધી કરવા જઈશ તો તું વાંકો થઈ જઈશ.' માટે 'વાઈફ'ને સીધી કરવા જશો નહીં, જેવી હોય તેને કરેક્ટ કહીએ. આપણે એની જોડે કાયમનું સાઢું-સહિયારું હોય તો જુદી વાત છે, આ તો એક અવતાર પછી તો ક્યાંય વિખરાઈ પડશે ! બન્નેના મરણકાળ જુદા, બન્નેનાં કરમ જુદાં ! કશું લેવા યે નહીં ને દેવા યે નહીં ! અહીંથી તે કોને ત્યાં જશે, તેની શી ખબર ? આપણે સીધી કરીએ ને આવતાં જન્મે કો'કને ભાગે જાય !

માટે તમારે એમને સીધાં કરવા નહીં. એ તમને સીધા કરે નહીં. જેવું મળ્યું એવું સોનાનું ! પ્રકૃતિ કોઈની કોઈ દહાડો સીધી થાય નહીં. કૂતરાની પૂંછડી વાંકી ને વાંકી જ રહે. એટલે આપણે ચેતીને ચાલીએ. જેવી હો તેવી ભલે હો, 'એડજસ્ટ એવરીવ્હેર'.

પત્ની તો છે 'કાઉન્ટર વેઈટ'

પ્રશ્નકર્તા : હું 'વાઈફ' જોડે બહુ 'એડજસ્ટ' થવા જાઉં છું પણ થવાતું નથી.

દાદાશ્રી : બધું હિસાબસર છે. વાંકા આંટા ને વાંકી નટ, ત્યાં સીધી નટ ફેરવે તો શી રીતે ચાલે ? તમને એમ થાય કે આ સ્ત્રી જાતિ આવી કેમ ? પણ સ્ત્રી જાતિ તો તમારું 'કાઉન્ટર વેઈટ' છે. જેટલો આપણો વાંક એટલી એ વાંકી એટલે તો અમે બધું 'વ્યવસ્થિત' છે, એવું કહ્યું છે ને !

પ્રશ્નકર્તા : બધા જ આપણને સીધા કરવા આવ્યા હોય એમ લાગે છે.

દાદાશ્રી : તે તમને સીધા કરવા જ જોઈએ. સીધા થયા સિવાય દુનિયા ચાલે નહીં ને ! સીધો થાય નહીં તો બાપ શી રીતે થાય ? સીધો થાય તો બાપ થાય. સ્ત્રી જાતિ જાણે એવી છે કે એ ના ફરે, એટલે આપણે ફરવું પડશે. એ સહજ જાતિ છે, એ ફરે એવી નથી.

વાઈફ એ શું વસ્તુ છે ?

પ્રશ્નકર્તા : આપ કહો.

દાદાશ્રી : વાઈફ ઈઝ ધી કાઉન્ટર વેઈટ ઓફ મેન (હસબન્ડ). એ જો કાઉન્ટર વેઈટ ના હોય તો માણસ (પુરુષ) ગબડી પડે.

પ્રશ્નકર્તા : એ ના સમજાયું.

દાદાશ્રી : આ ઈન્જીનમાં કાઉન્ટર વેઈટ મૂકવામાં આવે છે, નહીં તો ઈન્જીન ચાલતું ચાલતું ગબડી પડે. એવું આ પુરુષને કાઉન્ટર વેઈટ સ્ત્રી છે. તે સ્ત્રી હોય તો ગબડી ના પડે. નહીં તો દોડધામ કરીને કાંઈ ઠેકાણુંય હોય નહીં. આજે અહીં હોય ને કાલે ક્યાંનો ક્યાંય હોય ! આ સ્ત્રી છે તે પાછો ઘેર આવે છે, નહીં તો આ ઘેર આવે કે ?

પ્રશ્નકર્તા : ના આવે.

દાદાશ્રી : સ્ત્રી એ એનું કાઉન્ટર વેઈટ છે.

અથડામણો અંતે એન્ડવાળી

પ્રશ્નકર્તા : બપોરે પાછું સવારની અથડામણ ભૂલી યે જઈએ ને સાંજે પાછું નવું થાય.

દાદાશ્રી : એ અમે જાણીએ છીએ, કે અથડામણ કઈ શક્તિથી થાય છે, એ અવળું બોલે છે તેમાં કઈ શક્તિ કામ કરી રહી છે. બોલીને પાછાં 'એડજસ્ટ' થઈએ છીએ, એ બધું જ્ઞાનથી સમજાય તેમ છે. છતાં જગતમાં એડજસ્ટ થવાનું. કારણ કે દરેક વસ્તુ 'એન્ડવાળી' હોય છે. અને વખતે એ લાંબા કાળ સુધી ચાલે તોય તમે તેને 'હેલ્પ' નથી કરતા, વધારે નુકસાન કરો છો. તમારી જાતને નુકસાન કરો છો ને સામાનું નુકસાન થાય છે.

નહીં તો પ્રાર્થનાનું 'એડજસ્ટમેન્ટ'

પ્રશ્નકર્તા : સામાને સમજાવવા મેં મારો પુરુષાર્થ કર્યો, પછી એ સમજે-ના સમજે એ એનો પુરુષાર્થ ?

દાદાશ્રી : આપણી જવાબદારી આટલી જ છે કે આપણે એને સમજાવીએ. પછી એ ના સમજે તો એનો ઉપાય નથી. પછી આપણે એટલું કહેવું કે, 'હે દાદા ભગવાન ! આને સદ્‌બુદ્ધિ આપજો.' આટલું કહેવું પડે. કંઈ એને અધ્ધર ના લટકાવાય, આ ગપ્પું નથી. આ 'દાદા'નું 'એડજસ્ટમેન્ટ'નું વિજ્ઞાન છે, અજાયબ 'એડજસ્ટમેન્ટ' છે આ ! અને જ્યાં 'એડજસ્ટ' નહીં થાય, ત્યાં તેનો સ્વાદ તો તમને આવતો જ હશે ને ? આ 'ડિસ્‌એડજસ્ટમેન્ટ' એ જ મૂર્ખાઈ છે. કારણ કે એ જાણે કે મારું ધણીપણું હું છોડું નહીં અને મારું જ ચલણ રહેવું જોઈએ. તો આખી જિંદગી ભૂખે મરશે ને એક દહાડો થાળીમાં 'પોઈઝન' પડશે ! સહેજે ચાલે છે તેને ચાલવા દો ને ! આ તો કળિયુગ છે ! વાતાવરણ જ કેવું છે !! માટે બૈરી કહે છે કે, 'તમે નાલાયક છો.' તો કહેવું કે 'બહુ સારું.'

વાંકા જોડે એડજસ્ટ થાવ

પ્રશ્નકર્તા : વ્યવહારમાં રહેવાનું છે, તો 'એડજસ્ટમેન્ટ' એકપક્ષી તો ના હોવું જોઈએને ?

દાદાશ્રી : વ્યવહાર તો એનું નામ કહેવાય કે 'એડજસ્ટ' થઈએ એટલે પડોશી યે કહે કે, 'બધા ઘેર ઝઘડા છે પણ આ ઘેર ઝઘડો નથી.' એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે ? જેટલાં 'એડજસ્ટમેન્ટ' લેશો તેટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જાય. સાચી સમજણ તો બીજી બધી ઊંધી સમજણને તાળાં વાગશે ત્યારે જ થશે.

સુંવાળા જોડે તો સહુ કોઈ 'એડજસ્ટ' થાય પણ વાંકા-કઠણ-કડક જોડે, બધાં જ જોડે 'એડજસ્ટ' થતાં આવડ્યું તો કામ થઈ ગયું. ગમે તેટલો નાગામાં નાગો માણસ હોય તો પણ તેની જોડે 'એડજસ્ટ' થતાં આવડે, મગજ ખસે નહીં તે કામનું ! ભડકે તો ચાલે નહીં. જગતની કોઈ વસ્તુ આપણને 'ફીટ' થાય નહીં. આપણે એને 'ફીટ' થઈએ તો આ દુનિયા સરસ છે અને એને 'ફીટ' કરવા જઈએ તો દુનિયા વાંકી છે. એટલે 'એડજસ્ટ એવરીવ્હેર'. આપણે એને ફીટ થઈએને તો વાંધો નથી.

ડોન્ટ સી લૉ, સેટલ

'જ્ઞાની' તો સામો વાંકો હોય તોય તેની જોડે 'એડજસ્ટ' થાય. 'જ્ઞાની પુરુષ'ને જોઈને ચાલે તો બધી જાતનાં એડજસ્ટમેન્ટ કરતાં આવડી જાય. આની પાછળ સાયન્સ શું કહે છે કે વીતરાગ થઈ જાઓ, રાગ-દ્વેષ ના કરો. આ તો મહીં કંઈક આસક્તિ રહી જાય છે, તેથી માર પડે છે. આ વ્યવહારમાં એકપક્ષી - નિઃસ્પૃહ થઈ ગયા હોય, તે વાંકા કહેવાય. આપણને જરૂર હોય તો સામો વાંકો હોય તોય તેને મનાવી લેવો પડે. આ સ્ટેશન પર મજૂર જોઈતો હોય ને એ આનાકાની કરતો હોય તો તેને ચાર રૂપિયા ઓછા-વત્તા કરીને (વધારે આપીને) મનાવી લેવો પડે અને

ના મનાવીએ તો એ બેગ આપણાં માથા પર જ નાખે ને !

'ડોન્ટ સી લૉઝ, પ્લીઝ સેટલ.' સામાને 'સેટલમેન્ટ' લેવા કહેવાનું. 'તમે આમ કરો, તેમ કરો' એવું કહેવા માટે ટાઈમ જ ક્યાં હોય ? સામાની સો ભૂલ હોય તોય આપણે તો પોતાની જ ભૂલ કહીને આગળ નીકળી જવાનું. આ કાળમાં 'લૉ' (કાયદો) તો જોવાતો હશે ? આ તો છેલ્લે પાટલે આવી ગયેલું છે. જ્યાં જુઓ ત્યાં દોડાદોડ ને ભાગાભાગ ! લોક ગૂંચાઈ ગયેલાં છે. ઘેર જાય તો પત્ની બૂમો પાડે, છોકરાં બૂમો પાડે, નોકરીએ જાય તો શેઠ બૂમો પાડે, ગાડીમાં જાય તો ભીડમાં ધક્કા ખાય ! ક્યાંય નિરાંત નહીં ! નિરાંત તો જોઈએ ને ? કોઈ લડી પડે તો આપણે તેની દયા ખાવી કે 'ઓહોહો, આને કેટલો બધો અકળાટ હશે, તે લડી પડે છે !' અકળાય તે બધા નબળા છે.

ફરિયાદ ? નહીં, 'એડજસ્ટ'

એવું છે ને, ઘરમાંય 'એડજસ્ટ' થતાં આવડવું જોઈએ. આપણે સત્સંગમાંથી મોડા ઘેર જઈએ તો ઘરવાળા શું કહેશે ? 'થોડોઘણો ટાઈમ તો સાચવવો જોઈએને ?' તે આપણે વહેલા ઘેર જઈએ એ શું ખોટું ? પેલો બળદીયો ચાલે નહીં તો એને ઘોંચ મારે, એના કરતાં એ આગળ હેંડતો હોય તો પેલો ઘોંચ ના મારેને ! નહીં તો પેલો ઘોંચ મારે, ને આને હેંડવું પડે. હેંડવું તો છે જ ને ? તમે જોયેલું એવું ? પેલું પાછળ ખીલાવાળું હોય તે મારે. મૂંગું પ્રાણી શું કરે ? એ કોને ફરિયાદ કરે ?

આ લોકોને જો ઘોંચ મારી હોય તો તેમને બીજા બચાવવા નીકળે. પેલું મૂંગું પ્રાણી કોને ફરિયાદ કરે ? હવે આમને કેમ આવું માર ખાવાનું થયું ? કારણ કે પહેલાં બહુ ફરિયાદો કરી હતી. તેનાં આ પરિણામ આવ્યા. તે દહાડે સત્તામાં આવ્યો ત્યારે ફરિયાદો કર કર કરી. હવે સત્તા નથી એટલે ફરિયાદ કર્યા વગર રહેવાનું, એટલે હવે 'પ્લસ-માઈનસ' કરી નાખો. એના કરતાં ફરિયાદી જ ના થવું, એમાં શું ખોટું ? ફરિયાદી થઈએ તો આરોપી થવાનો વખત આવે ને ? આપણે તો આરોપી યે થવું નથી ને ફરિયાદી યે

થવું નથી. સામો ગાળ ભાંડી ગયો, એને જમા કરી દેવાનું. ફરિયાદી થવાનું જ નહીં ને ! તમને કેમ લાગે છે ? ફરિયાદી થવું સારું ? પણ એના કરતાં પહેલેથી જ 'એડજસ્ટ' થઈ જઈએ, તે શું ખોટું ?

અવળું બોલાયાનો ઉપાય

વ્યવહારમાં એડજસ્ટમેન્ટ લેવું, તેને આ કાળમાં જ્ઞાન કહ્યું છે. હા, એડજસ્ટમેન્ટ લેવું. એડજસ્ટમેન્ટ તૂટતું હોય તોય એડજસ્ટ કરી લેવું. આપણે એની જોડે ખરાબ બોલી ગયાં. હવે, બોલી જવું એ આપણા હાથની વાત નથી. કોઈ ફેરો તમારાથી બોલી જવાય કે ના બોલી જવાય ? બોલી ગયા પણ પછી તરત જ આપણને ખબર પડે કે ભૂલ થઈ. ખબર તો પડ્યા વગર ના રહે, પણ તે વખતે પાછાં આપણે એડજસ્ટ કરવાં જતાં નથી. પછી એને તરત જ જઈને કહેવાનું કે, 'ભાઈ, મારાથી તે ઘડીએ આવું ખરાબ બોલી જવાયું, ભૂલ થઈ ગઈ. માટે માફ કરજે.' એટલે એડજસ્ટ થઈ ગયું. એમાં વાંધો ખરો ?

પ્રશ્નકર્તા : ના, કશો વાંધો નહીં.

બધે જ એડજસ્ટમેન્ટ લેવાય

પ્રશ્નકર્તા : ઘણી વખત એમ બને કે એક સમયે બે જણ સાથે 'એડજસ્ટમેન્ટ' એક જ વાત પર લેવાનું હોય, તો તે વખતે બન્ને જગ્યાએ શી રીતે પહોંચી વળાય ?

દાદાશ્રી : બેઉ જોડે લેવાય. અરે, સાત જણ જોડે લેવાનું હોય તોય લઈ શકાય. એક પૂછે, 'મારું શું કર્યું ?' ત્યારે કહીએ, 'હા, બા. તારા કહ્યા પ્રમાણે કરીશું.' બીજાનેય એમ કહીએ, 'તમે કહેશો તેમ કરીશું.' 'વ્યવસ્થિત'ની બહાર થવાનું નથી. માટે ગમે તે રીતે ઝઘડો ના ઊભો કરશો. મુખ્ય વસ્તુ 'એડજસ્ટમેન્ટ' છે. 'હા'થી મુક્તિ છે. આપણે 'હા' કહ્યું તો પણ 'વ્યવસ્થિત'ની બહાર કંઈ થવાનું છે ? પણ 'ના' કહ્યું તો મહા ઉપાધિ !

ઘરનાં ધણી-ધણીયાણી બેઉ જણ નિશ્ચય કરે કે મારે 'એડજસ્ટ' થવું છે તો બન્નેનો ઉકેલ આવે. એ વધારે ખેંચે તો આપણે 'એડજસ્ટ' થઈ જવું તો ઉકેલ આવે. એક માણસનો હાથ દુઃખતો હતો. પણ તે બીજાને નહોતો કહેતો, પણ બીજા હાથેથી હાથ દબાવીને 'એડજસ્ટ' કર્યું ! એવું 'એડજસ્ટ' થઈએ તો ઉકેલ આવે. આ 'એડજસ્ટ એવરીવ્હેર' નહીં થાય તો બધા ગાંડા થશો. સામાને છંછેડ્યા કરો, તેથી જ ગાંડા થયા. આ કૂતરાને એક ફેરો છંછેડીએ, બીજા ફેર, ત્રીજા ફેર છંછેડીએ ત્યાં સુધી એ આપણી આબરૂ રાખે પણ પછી તો બહુ છંછેડ છંછેડ કરીએ તો એય બચકું ભરી લે. એય સમજી જાય કે આ રોજ છંછેડે છે તે નાલાયક છે, નાગો છે. આ સમજવા જેવું છે. ભાંજગડ કશી જ કરવાની નહીં, 'એડજસ્ટ એવરીવ્હેર.'

જેને 'એડજસ્ટ' થવાની કળા આવડી, એ દુનિયામાંથી મોક્ષ તરફ વળ્યો. 'એડજસ્ટમેન્ટ' થયું, એનું નામ જ્ઞાન. જે 'એડજસ્ટમેન્ટ' શીખી ગયો, તે તરી ગયો. ભોગવવાનું છે તે તો ભોગવવાનું જ છે પણ 'એડજસ્ટમેન્ટ' આવડે, એને વાંધો ના આવે, હિસાબ ચોખ્ખો થઈ જાય. આ બહારવટિયા મળી જાય તેની જોડે 'ડિસ્એડજસ્ટ' થઈએ તો એ મારે. એનાં કરતાં આપણે નક્કી કરીએ કે એને 'એડજસ્ટ' થઈને કામ લેવું છે. પછી એને પૂછીએ કે, 'ભઈ, તારી શી ઈચ્છા છે ? જો ભાઈ, અમે તો જાત્રા કરવા નીકળ્યા છીએ.' તેને એડજસ્ટ થઈ જઈએ.

આ વાઈફે જમવાનું બનાવ્યું હોય, તેમાં ભૂલ કાઢવી એ બ્લન્ડર્સ. એવી ભૂલ ના કઢાય. જાણે પોતે ભૂલ ના કરતો હોય એવી વાત કરે છે ! હાઉ ટુ એડજસ્ટ ? એડજસ્ટમેન્ટ લેવું જોઈએ. જેની સાથે કાયમ રહેવાનું, એની સાથે એડજસ્ટમેન્ટ ના લેવું જોઈએ ? આપણા થકી કોઈને દુઃખ થાય એ ભગવાન મહાવીરનો ધર્મ કેમ કહેવાય તે ? અને ઘરના માણસને તો અવશ્ય દુઃખ ના થવું જોઈએ.

ઘર એક બગીચો

એક ભાઈ મને કહે કે, 'દાદા, ઘરમાં મારી બૈરી આમ કરે છે ને

તેમ કરે છે.' ત્યારે મેં તેને કહ્યું કે બેન (સામાવાળા ભાઈના પત્ની)ને પૂછો તો એ શું કહે છે કે 'મારો ધણી અક્કલ વગરનો છે.' હવે આમાં તમારો એકલાંનો ન્યાય શું કરવા ખોળો છો ? ત્યારે એ ભાઈ કહે કે 'મારું ઘર તો બગડી ગયું છે. છોકરાં બગડી ગયાં છે, બૈરી બગડી ગઈ છે.' મેં કહ્યું, 'કશું બગડી નથી ગયું.' તમને એ જોતાં આવડતું નથી. તમારું ઘર તમને જોતાં આવડવું જોઈએ. દરેકની પ્રકૃતિ ઓળખતાં આવડવી જોઈએ.

એવું છે ને, ઘરમાં એડજસ્ટમેન્ટ નથી થતું, એનું કારણ શું ? કુટુંબમાં બહુ માણસ હોય, તે બધાની જોડે મેળ પડતો નથી. પછી દહીંનો ડખો થઈ જાય ! તે શાથી ? આ મનુષ્યોનો જે સ્વભાવ છે, એ એક જાતનો નથી. જેવો યુગ હોય ને તેવો સ્વભાવ થઈ જાય છે. સત્‌યુગમાં બધા એક મેળ રહ્યા કરે. ઘરમાં સો માણસ હોય તોય દાદાજી કહે, તે પ્રમાણે બધાય અનુસરે ને આ કળિયુગમાં તો દાદાજી કહે તો તેમને આવડી આવડી ચપોડે (ગાળો ભાંડે). બાપ કશું કહે, તો બાપનેય આવડી આવડી ચપોડે.

હવે માનવ તો માનવ જ છે પણ તમને ઓળખતાં નથી આવડતું. ઘરમાં પચાસ માણસ હોય પણ આપણને ઓળખતાં આવડ્યું નહીં એટલે ડખો થયા કરે છે. એને ઓળખવાં તો જોઈએ ને ? ઘરમાં એક જણ કચકચ કરતું હોય તો એ તો એનો સ્વભાવ જ છે. એટલે આપણે એક ફેરો સમજી જવાનું કે આ આવું છે. તમે ઓળખી જાવ ખરાં કે આ આવું જ છે ? પછી એમાં ફરી તપાસ કરવાની જરૂર ખરી ? આપણે ઓળખી જઈએ એટલે તપાસ કરવાની ના રહે. કેટલાંકને રાતે મોડું સૂઈ જવાની ટેવ હોય અને કેટલાંકને વહેલું સૂઈ જવાની ટેવ હોય, તે બન્નેને મેળ શી રીતે પડે ? અને એક કુંટુંબમાં બધા ભેગાં રહે, તે શું થાય ? ઘરમાં એક જણ એવું બોલનારો નીકળે કે તમારામાં તો અક્કલ ઓછી છે. તો આપણે એવું જાણવું કે આ આવું જ બોલવાનો છે. એટલે આપણે એડજસ્ટ થઈ જવું. એને બદલે પછી આપણે સામો જવાબ આપીએ તો આપણે થાકી

જઈએ. કારણ કે એ તો આપણને અથડાયો પણ આપણે અથડાઈએ તો આપણને પણ આંખો નથી એમ ખાતરી થઈ ગઈને ! હું કહેવા માંગું છું કે પ્રકૃતિનું સાયન્સ જાણો. બાકી, આત્મા એ જુદી વસ્તુ છે.

જુદાં, બાગનાં ફૂલોનાં રંગ-સુગંધ

તમારું ઘર તો બગીચો છે. સત્યુગ, દ્વાપર ને ત્રેતાયુગમાં ઘર એટલે ખેતરાં જેવાં હતા. કોઈ ખેતરમાં નર્યા ગુલાબ જ, કોઈ ખેતરમાં નર્યા ચંપા. અત્યારે ઘર બગીચા જેવું થઈ ગયું છે. તે આપણે આ મોગરો છે કે ગુલાબ એવી તપાસ ના કરવી જોઈએ ? સત્યુગમાં શું હતું કે એક ઘેર ગુલાબ હોય તો બધા ગુલાબ અને બીજે ઘેર મોગરો તો ઘરનાં બધા મોગરા, એવું હતું. એક કુટુંબમાં બધાય ગુલાબના છોડ, એક ખેતર જેવું એટલે વાંધો ના આવે અને અત્યારે તો બગીચા થયાં છે. એક ઘરમાં એક ગુલાબ જેવું, એક મોગરા જેવો, એટલે પેલું ગુલાબ બૂમો પાડે કે તું કેમ મારા જેવું નથી ? તારો રંગ જો કેવો સફેદ, મારો રંગ કેવો સરસ છે ? ત્યારે મોગરો કહેશે કે તારે તો નર્યા કાંટા છે. હવે ગુલાબ હોય તો કાંટા હશે, મોગરો હશે તો કાંટા નહીં હોય. મોગરાનું ફૂલ સફેદ હશે ને ગુલાબનું ફૂલ ગુલાબી હશે, લાલ હશે. અત્યારે કળિયુગમાં એક જ ઘરે જુદાં જુદાં છોડવા હોય. એટલે ઘર બગીચારૂપે થયું છે. પણ આ તો જોતાં નથી આવડતું, એનું શું થાય ? તેનું દુઃખ જ થાય ને ! જગતની આ જોવાની દૃષ્ટિ નથી. બાકી, કોઈ ખરાબ હોતું જ નથી. આ મતભેદ તો પોતાના અહંકારને લઈને છે. જેને જોતાં નથી આવડતું, તેનો અહંકાર છે, મને અહંકાર નથી, તો મને આખી દુનિયા જોડે મતભેદ જ નથી પડતો. મને જોતાં આવડે છે કે આ ગુલાબ છે, આ મોગરો છે, આ ધતૂરો છે, આ કડવી ગીલોડીનું ફૂલ છે. એવું બધું હું ઓળખું પાછો. એટલે બગીચા જેવું થઈ ગયું છે. એ તો વખાણવા જેવું થયું ને ? તમને કેમ લાગે છે ?

પ્રશ્નકર્તા : બરાબર છે.

દાદાશ્રી : એવું છે ને, પ્રકૃતિમાં ફેર ના પડે. અને એ તો એનો

એ જ માલ, એમાં ફેર ના પડે. અમે દરેક પ્રકૃતિને પામી લીધેલી હોય. આમ ઓળખી જઈએ. એટલે અમે દરેકની જોડે એની પ્રકૃતિ પ્રમાણે રહીએ. આ સૂર્ય જોડે આપણે બપોરે બાર વાગે મિત્રાચારી કરીએ તો શું થાય ? તેમ આપણે સમજીએ કે આ ઉનાળાનો સૂર્ય છે, આ શિયાળાનો સૂર્ય છે તો પછી વાંધો આવે ?

અમે પ્રકૃતિને ઓળખીએ એટલે પછી તમે અથડાવા ફરતાં હોય તોય હું અથડાવા નહીં દઉં, હું ખસી જઉં. નહીં તો બેઉનો એક્સિડન્ટ થાય અને બન્નેનાં સ્પેરપાર્ટસ્ તૂટી જાય, પેલાનું બમ્પર તૂટી જાય, તો મહીં બેઠેલાંની શી દશા થાય ? બેસનારાની દશા બરાબર બેસી જાય ને ! એટલે પ્રકૃતિ ઓળખો. ઘરમાં બધાની પ્રકૃતિ ઓળખી લેવાની.

પ્રકૃતિ આ કળિયુગમાં ખેતરરૂપે નથી, બગીચારૂપે છે. એક ચંપો, એક ગુલાબ, એક મોગરો, એક ચમેલી એમ બધું છે. તે ફૂલાં બધાં લડે છે. પેલાં કહેશે કે મારું આવું છે ને પેલો કહેશે કે મારું આવું છે. ત્યારે એક કહેશે, તારા કાંટા. જા, તારી જોડે કોણ ઊભું રહે ? આમ ઝઘડા ચાલ્યા કરે છે.

કાઉન્ટરપુલીની કરામત

આપણે પહેલાં આપણો મત ના મૂકવો. સામાને પૂછવું કે આ બાબતમાં તમારે શું કહેવું છે ? સામો એનું પકડી રાખે તો અમે અમારું છોડી દઈએ. આપણે તો એટલું જ જોવાનું કે કયે રસ્તે સામાને દુઃખ ના થાય. આપણો અભિપ્રાય સામા ઉપર બેસાડવો નહીં. સામાનો અભિપ્રાય આપણે લેવો. અમે તો બધાનો અભિપ્રાય લઈને 'જ્ઞાની' થયા છીએ. હું મારો અભિપ્રાય કોઈ પર બેસાડવા જઉં તો હું જ કાચો પડી જાઉં. આપણા અભિપ્રાયથી કોઈને દુઃખ ના હોવું જોઈએ.

તારા 'રિવોલ્યુશનો' અઢારસોના હોય ને સામાના છસોના હોય ને તું તારો અભિપ્રાય એના પર બેસાડે, તો સામાનું એન્જિન તૂટી જાય. એના બધાં ગીયર બદલવા પડે.

પ્રશ્નકર્તા : 'રિવોલ્યુશન' એટલે શું ?

દાદાશ્રી : આ વિચારની જે સ્પીડ છે, તે દરેકને જુદી જુદી હોય. કશું બન્યું હોય તો તે એક મિનિટમાં તો કેટલુંય દેખાડી દે, એના બધા પર્યાયો 'એટ એ ટાઈમ' દેખાડી દે. આ મોટા મોટા પ્રેસિડન્ટોને મિનિટના બારસો 'રિવોલ્યુશન' ફરતા હોય, તો અમારા પાંચ હજાર હોય, ભગવાન મહાવીરને લાખ 'રિવોલ્યુશન' ફરતા !

આ મતભેદ પડવાનું કારણ શું ? તમારી વાઈફને સો 'રિવોલ્યુશન' હોય ને તમારા પાંચસો 'રિવોલ્યુશન' હોય અને તમને વચ્ચે 'કાઉન્ટરપુલી' નાખતાં આવડે નહીં એટલે તણખાં ઝરે, ઝઘડા થાય. અરે ! કેટલીક વાર તો એન્જિન હઉ તૂટી જાય. 'રિવોલ્યુશન' સમજ્યા તમે ? તમે આ મજૂરને વાત કરો તો તમારી વાત એને પહોંચે નહીં. એનાં 'રિવોલ્યુશન' પચાસ હોય ને તમારા પાંચસો હોય. કોઈને હજાર હોય, કોઈને બારસો હોય. જેવું જેનું 'ડેવલપમેન્ટ' હોય, તે પ્રમાણે 'રિવોલ્યુશન' હોય. વચ્ચે 'કાઉન્ટરપુલી' નાખો તો જ એને તમારી વાત પહોંચે. 'કાઉન્ટરપુલી' એટલે તમારે વચ્ચે પટ્ટો નાખી તમારા 'રિવોલ્યુશન' ઘટાડી નાખવા પડે. હું દરેક માણસની જોડે 'કાઉન્ટરપુલી' નાખી દઉં. એકલો અહંકાર કાઢી નાખવાથી જ વળે તેમ નથી. કાઉન્ટરપુલી પણ દરેકની જોડે નાખવી પડે. તેથી તો અમારે કોઈની જોડે મતભેદ જ ના થાય ને ! અમે જાણીએ કે આ ભાઈના આટલાં જ 'રિવોલ્યુશન' છે. એટલે તે પ્રમાણે હું 'કાઉન્ટરપુલી' ગોઠવી દઉં. અમને તો નાના બાળક જોડે પણ બહુ ફાવે. કારણ કે અમે તેની જોડે ચાલીસ 'રિવોલ્યુશન' ગોઠવી દઈએ, એટલે એને મારી વાત પહોંચે, નહીં તો એ મશીન તૂટી જાય.

પ્રશ્નકર્તા : કોઈ પણ સામાના લેવલ ઉપર આવે તો જ વાત થાય ?

દાદાશ્રી : હા, એના 'રિવોલ્યુશન' પર આવે તો જ વાત થાય. આ તમારી જોડે વાતચીત કરતાં અમારાં 'રિવોલ્યુશન' ક્યાંના ક્યાંય જઈ આવે ! આખા વર્લ્ડમાં ફરી આવે !! તમને 'કાઉન્ટરપુલી' નાખતાં ના

આવડે, તેમાં ઓછાં 'રિવોલ્યુશન'વાળા એન્જિનનો શો દોષ ? એ તો તમારો દોષ કે તમને 'કાઉન્ટરપુલી' નાખતાં ના આવડી.

શીખો, ફ્યુઝ નાખવાનું

આટલું જ ઓળખવાનું છે કે આ 'મશીનરી' કેવી છે, એનો 'ફ્યુઝ' ઊડી જાય તો શી રીતે 'ફ્યુઝ' બેસાડી આપવો. સામાની પ્રકૃતિને 'એડજસ્ટ' થતાં આવડવું જોઈએ. અમારે જો સામાનો 'ફ્યુઝ' ઊડી જાય તોય અમારું એડજસ્ટમેન્ટ હોય. પણ સામાનું 'એડજસ્ટમેન્ટ' તૂટે તો શું થાય ? 'ફ્યુઝ' ગયો પછી તો એ ભીંતે અથડાય, બારણે અથડાય, પણ કંઈ વાયર તૂટતો નથી (કનેક્શન તૂટ્યું નથી). એટલે જો કોઈ ફ્યુઝ નાખી આપે તો પાછું રાગે પડે, નહીં તો ત્યાં સુધી એ ગૂંચાય.

આયુ ટૂંકું ને ધાંધલ લાંબી

મોટામાં મોટું દુઃખ શેનું છે ? 'ડિસ્એડજસ્ટમેન્ટ'નું. ત્યાં 'એડજસ્ટ એવરીવ્હેર' કરે તો શું વાંધો છે ?

પ્રશ્નકર્તા : એમાં તો પુરુષાર્થ જોઈએ.

દાદાશ્રી : કશો પુરુષાર્થ નહીં. 'દાદા'એ કહ્યું છે કે 'એડજસ્ટ એવરીવ્હેર', એ પાળવાનું. તો 'એડજસ્ટ' થયા કરે. વાઈફ કહે કે, 'તમે ચોર છો.' તો કહેવું કે 'યુ આર કરેક્ટ.' વાઈફ દોઢસો રૂપિયાની સાડી લાવવાનું કહે, તો આપણે પચ્ચીસ રૂપિયા વધારે આપીએ. તે છ મહિના સુધી તો ચાલે !

એવું છે બ્રહ્માનો એક દિવસ, એટલી આપણી આખી જિંદગી ! બ્રહ્માનો એક દહાડો જીવવું ને આ શી ધાંધલ ? વખતે આપણને બ્રહ્માના સો વર્ષ જીવવાનું હોય તો તો આપણે જાણીએ કે 'ઠીક છે, એડજસ્ટ શા માટે થઈએ ?' 'દાવો માંડ' કહીએ. પણ આ તો જલ્દી પતાવવું હોય, તેને શું કરવું પડે ? 'એડજસ્ટ' થઈએ કે પછી 'દાવો માંડો' કહીએ ? પણ આ તો એક દહાડો જ છે, આ તો જલ્દી પતાવવાનું છે. જે કામ

જલ્દી પતાવવું હોય, તેને શું કરવું પડે ? 'એડજસ્ટ' થઈને ટૂંકાવી દેવું. નહીં તો લંબાયા કરે કે ના લંબાયા કરે ? વાઈફ જોડે લડે તો રાત્રે ઊંઘ આવે ખરી ? અને સવારે સારો નાસ્તોય ના મળે.

અપનાવો, જ્ઞાનીની જ્ઞાનકળા

તે કોઈક દહાડો રાતે વાઈફ કહે, 'મને પેલી સાડી નહીં લઈ આપો ? મને પેલી સાડી લઈ આપવી પડશે.' ત્યારે પેલો કહે કે 'તેં કેટલી કિંમતની સાડી જોઈ હતી ?' ત્યારે કહે, 'બાવીસસો રૂપિયાની છે, વધારે નથી.' તો આ કહે, 'તમે બાવીસસોની જ છે, કહો છો પણ મારે અત્યારે પૈસા લાવવા કઈ રીતે ? અત્યારે અહીં સાંધા તૂટે છે. બસો-ત્રણસોની હોય તો લઈ આપું, તું બાવીસસોની કહું છું !' એ રીસાઈને બેસી રહ્યાં. હવે શી દશા થાય તે ? મનમાં એમેય થાય કે બળ્યું, આથી ના પૈણ્યો હોય તો સારું ! પૈણ્યા પછી પસ્તાય એટલે શું કામમાં લાગે ? એટલે આવાં દુઃખો છે.

પ્રશ્નકર્તા : આપ એમ કહેવા માંગો છો કે વાઈફને સાડી બાવીસસો રૂપિયાની લઈ આપવાની ?

દાદાશ્રી : લઈ આપવી કે ના લઈ આપવી એ તમારી ઉપર આધાર રાખે છે. રીસાઈને રોજ રાત્રે 'ખાવાનું નહીં કરું' કહેશે, ત્યારે આપણે શું કરીએ ? ક્યાંથી રસોઈયા લઈ આવીએ ? એટલે પછી દેવું કરીને પણ સાડી લઈ આપવી પડે ને ?

આપણે એવું બનાવી દો કે સાડી એની મેળે લાવે જ નહીં. જો આપણને મહિનાના આઠ હજાર મળતા હોય. એટલે આપણે એક હજાર આપણા ખર્ચ માટે રાખી અને સાત હજાર એમને આપી દઈએ પછી આપણને કહે, 'સાડી લઈ આપો ?' અને કો'ક દહાડો ઊલટી આપણે મશ્કરી કરવી, 'પેલી સાડી સરસ છે, કેમ લાવતા નથી ?' એનો વેત એણે કરવાનો હોય ! આ તો આપણે વેત કરવાનો હોય ત્યારે આપણી પર જોર કરે. આ બધી કળા હું જ્ઞાન થતાં પહેલાં શીખેલો. પછી જ્ઞાની થયો. બધી

કળાઓ મારી પાસે આવી ત્યારે મને જ્ઞાન થયું છે ! તો બોલો આ કળા નથી, તેથી જ આ દુ:ખ છે ને ! તમને કેમ લાગે છે ?

પ્રશ્નકર્તા : હા, બરાબર છે.

દાદાશ્રી : આમાં તમને સમજણ પડીને ? ભૂલ તો આપણી જ છે ને ! કળા નથી તેની ને ? કળા શીખવાની જરૂર છે.

ક્લેશનું મૂળ કારણ, અજ્ઞાનતા

પ્રશ્નકર્તા : કંકાસ ઊભાં થવાનું કારણ શું ? સ્વભાવ ના મળે તેથી ?

દાદાશ્રી : અજ્ઞાનતા છે તેથી. સંસાર એનું નામ કે કોઈ કોઈના સ્વભાવ મળે જ નહીં. આ 'જ્ઞાન' મળે તેનો એક જ રસ્તો છે, 'એડજસ્ટ એવરીવ્હેર'. કોઈ તને મારે તોય તારે તેને 'એડજસ્ટ' થઈ જવાનું.

અમે આ સરળ ને સીધો રસ્તો બતાડી દઈએ છીએ અને આ અથડામણ કંઈ રોજ રોજ થાય છે ? એ તો જ્યારે આપણાં કર્મના ઉદય હોય ત્યારે થાય તેટલાં પૂરતું આપણે 'એડજસ્ટ' થવાનું. ઘરમાં વાઈફ જોડે ઝઘડો થયો હોય તો, ઝઘડો થયા પછી વાઈફને હોટલમાં લઈ જઈને, જમાડીને ખુશ કરીએ. હવે તાંતો ના રહેવો જોઈએ.

દાદા, પૂર્ણ એડજસ્ટેબલ

એક ફેરો કઢી સારી હતી પણ મીઠું જરાક વધારે પડેલું. એટલે પછી મને લાગ્યું કે આ તો મીઠું વધારે પડ્યું છે, પણ જરાક ખાવી તો પડશે જ ને ! એટલે પછી હીરાબા અંદર ગયા ત્યાર હોરુ મેં જરા પાણી રેડી દીધું. તે એમણે જોઈ લીધું. એ કહે છે, 'આ શું કર્યું ?' મેં કહ્યું, 'તમે સ્ટવ ઉપર રાખીને પાણી રેડો અને હું અહીં નીચે પાણી રેડું.' ત્યારે કહે, 'પણ ઉપર રેડીને અમે ઉકાળી આપીએ.' મેં કહ્યું, 'મારે માટે બધું ઉકાળેલું જ છે. મારે કામ સાથે કામ છે ને !'

તમે મને અગિયાર વાગે કહો કે, 'તમારે જમી લેવું પડશે.' હું કહું કે, 'થોડી વાર પછી જમું તો ના ચાલે ?' ત્યારે તમે કહો, 'ના, જમી લો. પાર આવી જાય.' તો હું તરત જ જમવા બેસી જઉં. હું તમને 'એડજસ્ટ' થઈ જઉં.

જે ભાણામાં આવે તે ખાજે. જે સામું આવ્યું તે સંયોગ છે ને ભગવાને કહ્યું છે કે સંયોગને ધક્કો મારીશ તો એ ધક્કો તને વાગશે ! એટલે અમને ના ભાવતી વસ્તુ મૂકી હોય તોય અમે મહીંથી બે ચીજ ખાઈ લઈએ. ના ખાઈએ તો બે જણની જોડે ઝઘડા થાય. એક તો, જે લાવ્યો હોય, જેણે બનાવ્યું હોય તેની જોડે ભાંજગડ પડે, તરછોડ વાગી જાય અને બીજું, ખાવાની ચીજ જોડે. ખાવાની ચીજ કહે છે કે, 'મેં શો ગુનો કર્યો ? હું તારી પાસે આવી છું ને તું મારું અપમાન શું કામ કરે છે ? તને ઠીક લાગે તેટલું લે પણ મારું અપમાન ના કરીશ.' હવે એને આપણે માન ના આપવું જોઈએ ? અમને તો ના ભાવતું આપી જાય તોય અમે તેને માન આપીએ. કારણ કે એક તો ભેગું થાય નહીં ને ભેગું થાય તો માન આપવું પડે. આ ખાવાની ચીજ આપી ને તેને તમે ખોડ કાઢી તો પહેલું આમાં સુખ ઘટે કે વધે ? જેનાથી સુખ ઘટે એવો વેપાર ન જ કરાય ને ? મને તો ઘણાંફેર ના ભાવતું શાક હોય તો ખઈ લઉં ને પાછો કહું કે આજનું શાક તો બહુ સરસ છે. અરે, ઘણી ફેરો તો ચામાં ખાંડ ના હોય ને, તોય અમે બોલ્યા નથી. ત્યારે લોક કહે છે કે, 'આવું કરશો ને, તો ઘરમાં બધું બગડી જશે.' મેં કહ્યું કે, 'તમે કાલે જોજો ને !' તે પછી બીજે દહાડે કહે કે, 'કાલે ચામાં ખાંડ નહોતી, તે તમે અમને કશું કહ્યું નહીં ?' મેં કહ્યું કે, 'મારે કહેવાની શી જરૂર ? તમને ખબર પડશે ને ! તમે ના પીતા હોય તો મારે કહેવાની જરૂર પડે. તમે પીવો છો ને, પછી મારે કહેવાની જરૂર શી ?'

પ્રશ્નકર્તા : પણ કેટલી જાગૃતિ રાખવી પડે, ક્ષણે ક્ષણે !

દાદાશ્રી : ક્ષણે ક્ષણે, ચોવીસેય કલાક જાગૃતિ, ત્યાર પછી આ

'જ્ઞાન' શરૂ થયું હતું. આ 'જ્ઞાન' એમ ને એમ નથી થયું ! એટલે પહેલેથી બધાં આવી રીતે 'એડજસ્ટમેન્ટ' લીધેલા. બને એટલો કકળાટ ન થાય.

એક વખત અમે નહાવા ગયા ને પ્યાલો જ મૂકવાનો રહી ગયેલો. તે એડજસ્ટમેન્ટ ન લઈએ તો અમે જ્ઞાની શેના ? તે અમે એડજસ્ટ કરી લઈએ. હાથ નાખ્યો તો પાણી બહુ ગરમ. નળ ખોલ્યો તો ટાંકી ખાલી. પછી અમે તો ધીમે ધીમે હાથેથી પાણી ચોપડી ચોપડી ટાઢું પાડીને નહાયા. બધા મહાત્માઓ કહે, 'આજે દાદાને નહાતાં બહુ વાર લાગી.' તે શું કરીએ ? પાણી ટાઢું થાય ત્યારે ને ? અમે કોઈનેય 'આ લાવો ને તે લાવો' એમ ના કહીએ. એડજસ્ટ થઈ જઈએ. એડજસ્ટ થવું એ જ ધર્મ છે. આ દુનિયામાં તો પ્લસ-માઈનસનું એડજસ્ટમેન્ટ કરવાનું હોય છે. માઈનસ હોય ત્યાં પ્લસ અને પ્લસ હોય ત્યાં માઈનસ કરવાનું. અમે તો અમારા ડહાપણનેય જો કોઈ ગાંડપણ કહે, તો અમે કહીએ, 'હા, બરાબર છે.' તે તુર્ત માઈનસ કરી નાખીએ.

એટલે એડજસ્ટ થતાં ના આવડે એ માણસને માણસ કેમ કહેવાય ? સંજોગોને વશ થઈને એડજસ્ટ થઈ જાય, એ ઘરમાં કશુંય ભાંજગડ ના થાય. અમેય હીરાબાને એડજસ્ટ થતાં જ આવ્યા હતા ને ! એમનો લાભ ઉઠાવવો હોય તો એડજસ્ટ રહો. આ તો લાભેય કોઈ વસ્તુનો નહીં અને વેર બાંધશે તે જુદું ! કારણ કે દરેક જીવ સ્વતંત્ર છે અને પોતે સુખ ખોળવા આવ્યા છે. બીજાને સુખ આપવા એ આવ્યો નથી. હવે એને સુખને બદલે દુઃખ મળે એટલે પછી વેર બાંધે, પછી બૈરી હોય કે છોકરો હોય.

પ્રશ્નકર્તા : સુખ ખોળવા આવે અને દુઃખ મળે એટલે પછી વેર બાંધે ?

દાદાશ્રી : હા, એ તો પછી ભાઈ હોય કે બાપા હોય પણ મહીં અંદરખાને એનું વેર બાંધે. આ દુનિયા આવી બધી, વેર જ બાંધે ! સ્વધર્મમાં કોઈની જોડે વેર ના થાય.

દરેક વ્યક્તિના જીવનમાં અમુક પ્રિન્સિપલ (સિદ્ધાંત) હોવાં જ

જોઈએ. છતાંય સંજોગો પ્રમાણે વર્તવું જોઈએ. સંજોગોને એડજસ્ટ થાય, એનું નામ માણસ. એડજસ્ટમેન્ટ જો દરેક સંજોગોમાં કરતાં આવડે તો, ઠેઠ મોક્ષે પહોંચી શકાય એવું ગજબનું હથિયાર છે.

આ દાદા ઝીણા યે છે, કરકસરિયા યે છે અને લાફા યે છે. પાકાં લાફા છે છતાંય 'કમ્પ્લીટ એડજસ્ટેબલ' છે. પારકાં માટે લાફા અને જાતને માટે કરકસરિયા અને ઉપદેશ માટે ઝીણા; તે સામાને અમારો ઝીણો વહીવટ દેખાય. અમારી ઈકોનોમી 'એડજસ્ટેબલ' હોય, 'ટોપમોસ્ટ' હોય. અમે તો પાણી વાપરીએ તેય કરકસરથી વાપરીએ. અમારા પ્રાકૃત ગુણો સહજ ભાવે હોય.

નહીં તો વ્યવહારની ગૂંચ આંતરે

પહેલો આ વ્યવહાર શીખવાનો છે. વ્યવહારની સમજણ વગર તો લોકો જાતજાતના માર ખાય છે.

પ્રશ્નકર્તા : અધ્યાત્મમાં તો આપની વાત માટે કંઈ કહેવાનું જ નથી પણ વ્યવહારમાંય આપની વાત 'ટોપ'ની વાત છે.

દાદાશ્રી : એવું છે ને, કે વ્યવહારમાં 'ટોપ'નું સમજ્યા સિવાય કોઈ મોક્ષે ગયેલો નહીં. ગમે તેટલું બાર લાખનું આત્મજ્ઞાન હોય પણ વ્યવહાર છોડનાર છે ? એ ના છોડે તો તમે શું કરો ? તમે 'શુદ્ધાત્મા' છો જ, પણ વ્યવહાર છોડે તો ને ? તમે વ્યવહારને ગૂંચવ ગૂંચવ કરો છો. ઝટપટ ઉકેલ લાવો ને !

આ ભાઈને કહ્યું હોય કે, 'જા, દુકાનેથી આઈસક્રીમ લઈ આવ.' પણ અડધેથી પાછો આવે. આપણે પૂછીએ, 'કેમ ?' તો એ કહે કે, 'રસ્તામાં ગધેડું મળ્યું તેથી. અપશુકન થયાં !' હવે આને આવું ઊંધું જ્ઞાન થયું છે, તે આપણે કાઢી નાખવું જોઈએ ને ? એને સમજાવવું જોઈએ કે 'ભઈ, ગધેડામાં પણ ભગવાન રહેલા છે માટે અપશુકન કશું હોતું નથી. તું ગધેડાનો તિરસ્કાર કરીશ તો, તે તેમાં રહેલાં ભગવાનને પહોંચે છે.

તેથી તને ભયંકર દોષ બેસે છે. ફરી આવું ના થાય.' એવી રીતે આ ઊંધું જ્ઞાન થયું છે, તેના આધારે 'એડજસ્ટ' નથી થઈ શકતા.

ઊલટાંને સુલટાવે એ સમકિતી

સમકિતીની નિશાની શું ? ત્યારે કહે કે ઘરનાં બધાં ઊંધું કરી આપે તોય પોતે છતું કરી નાખે. બધી બાબતમાં છતું કરવું એ સમકિતીની નિશાની છે. અમે આ સંસારની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. છેલ્લા પ્રકારની શોધખોળ કરીને અમે આ બધી વાતો કરીએ છીએ. વ્યવહારમાં કેમ કરીને રહેવું તેય આપીએ છીએ અને મોક્ષમાં કેવી રીતે જવાય તેય આપીએ છીએ. તમને અડચણો કેમ કરીને ઓછી થાય એ અમારો હેતુ છે.

આપણી વાત સામાને 'એડજસ્ટ' થવી જ જોઈએ. આપણી વાત સામાને 'એડજસ્ટ' ના થાય તો તે આપણી જ ભૂલ છે. ભૂલ ભાંગે તો 'એડજસ્ટ' થાય. વીતરાગોની વાત 'એવરીવ્હેર એડજસ્ટમેન્ટ'ની છે.

પ્રશ્નકર્તા : દાદા, આ 'એડજસ્ટ એવરીવ્હેર' એ જે આપે કહ્યું, એને લીધે તો બધા ભલભલાનો નિકાલ આવી જાય !

દાદાશ્રી : બધા નિકાલ આવી જાય. અમારા એક-એક શબ્દ છે, તે બધા જલદી નિકાલ લાવનારા. એ ઠેઠ મોક્ષે લઈ જાય. માટે 'એડજસ્ટ એવરીવ્હેર.'

પ્રશ્નકર્તા : અત્યાર સુધી જ્યાં ગમતું'તું, ત્યાં બધા એડજસ્ટ થતા હતા અને આપનામાં તો એવું લાગ્યું કે જ્યાં ના ગમતું હોય ત્યાં તું વહેલો એડજસ્ટ થા.

દાદાશ્રી : હા, એવરીવ્હેર એડજસ્ટ થવાનું છે.

દાદાનું અજાયબ વિજ્ઞાન

પ્રશ્નકર્તા : 'એડજસ્ટમેન્ટ'ની વાત છે, એની પાછળ ભાવ શું છે ? પછી ક્યાં સુધી એડજસ્ટમેન્ટમાં આવવું ?

દાદાશ્રી : ભાવ શાંતિનો છે, હેતુ શાંતિનો છે. અશાંતિ ઉત્પન્ન નહીં કરવાનો કીમિયો છે. 'દાદા'નું 'એડજસ્ટમેન્ટ'નું વિજ્ઞાન છે. અજાયબ 'એડજસ્ટમેન્ટ' છે આ ! અને જ્યાં 'એડજસ્ટ' નહીં થાય ત્યાં તમને તેનો સ્વાદ તો આવતો જ હશે ને ? આ 'ડિસ્એડજસ્ટમેન્ટ' એ જ મૂર્ખાઈ છે. 'એડજસ્ટમેન્ટ'ને અમે ન્યાય કહીએ છીએ. આગ્રહ-દૂરાગ્રહ એ કંઈ ન્યાય ના કહેવાય. કોઈ પણ જાતનો આગ્રહ એ ન્યાય નથી. અમે કશાનો કક્કો ના પકડીએ. જે પાણીએ મગ ચઢે, એનાથી ચઢાવીએ. છેવટે ગટરના પાણીએ પણ ચઢાવીએ !

અત્યાર સુધી એકુંય માણસ અમને ડિસ્એડજસ્ટ થયો નથી. અને આ લોકોને ઘરનાં ચાર માણસોય એડજસ્ટ થતાં નથી. આ એડજસ્ટ થવાનું આવડે કે ના આવડે ? એવું થઈ શકે કે ના થઈ શકે ? આપણે જેવું જોઈએ એવું તો આપણને આવડે ને ? આ જગતનો નિયમ શો છે કે જેવું તમે જોશો એટલું તો આવડે જ. એમાં કંઈ શીખવવાપણું રહેતું નથી. કયું ના આવડે કે હું તમને આમ જે ઉપદેશ આપ્યા કરું છું ને, તે આવડે નહીં. પણ મારું વર્તન તમે જોશો તો સહેજે આવડી જાય.

અહીં ઘેર 'એડજસ્ટ' થતાં આવડતું નથી ને આત્મજ્ઞાનનાં શાસ્ત્રો વાંચવા બેઠા હોય ! અલ્યા, મેલને પૂળો અહીંથી. પહેલું 'આ' શીખને. ઘરમાં 'એડજસ્ટ' થવાનું તો કશું આવડતું નથી. આવું છે આ જગત !

સંસારમાં બીજું કશું ભલે ના આવડે તો વાંધો નથી, ધંધો ઓછો કરતાં આવડે તો વાંધો નથી પણ એડજસ્ટ થતાં આવડવું જોઈએ. એટલે વસ્તુસ્થિતિમાં એડજસ્ટ થતાં શીખવું જોઈએ. આ કાળમાં એડજસ્ટ થતાં ના આવડે તો માર્યો જઈશ. એટલે 'એડજસ્ટ એવરીવ્હેર' થઈને કામ કાઢી લેવા જેવું છે.

❖ ❖ ❖ ❖ ❖

સંપર્કસૂત્ર

દાદા ભગવાન પરિવાર

અડાલજ : **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ, જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧. **ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
e-mail : info@dadabhagwan.org

રાજકોટ : **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, ગામ - માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮

ભુજ : **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, એરપોર્ટ રોડ, સહયોગનગર પાસે, ભુજ (કચ્છ). **ફોન :** (૦૨૮૩૨) ૨૯૦૧૨૩

મોરબી : **ત્રિમંદિર,** પો. જેપુર, (મોરબી) નવલખી રોડ, તા. મોરબી, જિ. રાજકોટ **ફોન :** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭, ૯૬૨૪૧૨૪૧૨૪

સુરેન્દ્રનગર : **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ, સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨

ગોધરા : **ત્રિમંદિર,** ભામૈયા ગામ, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, ગોધરા, જિ. પંચમહાલ. ફોન : (૦૨૬૭૨) ૨૬૨૩૦૦

અમદાવાદ : **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮

વડોદરા : **દાદામંદિર,** ૧૭, મામાની પોળ, રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫

અમરેલી	: ૯૪૨૬૯ ૮૫૬૩૮	**ભરૂચ**	: ૯૯૨૪૩ ૪૮૮૮૨
ભાવનગર	: ૯૯૨૪૩ ૪૪૪૨૫	**નડીયાદ**	: ૯૯૯૮૯ ૮૧૯૬૫
જામનગર	: ૯૮૨૪૨ ૭૭૭૨૩	**સુરત**	: ૯૫૭૪૦ ૦૮૦૦૭
જૂનાગઢ	: ૯૯૨૪૩ ૪૪૪૮૯	**વલસાડ**	: ૯૯૨૪૩ ૪૩૨૪૫
ગાંધીનગર	: ૯૯૨૪૧ ૨૪૦૪૨	**મુંબઈ**	: ૯૩૨૩૫ ૨૮૯૦૧
ગાંધીધામ	: ૯૯૨૪૩ ૪૮૮૪૪	**દિલ્હી**	: ૯૮૧૦૦ ૯૮૫૬૪
મહેસાણા	: ૯૯૨૫૬ ૦૫૩૪૫	**બેંગ્લોર**	: ૯૫૯૦૯ ૭૯૦૯૯
પાલનપુર	: ૯૮૨૫૨ ૮૦૯૨૩	**કોલકતા**	: ૯૮૩૦૦ ૯૩૨૩૦
ભાદરણ ત્રિમંદિર	: ૯૯૨૪૩ ૪૩૭૨૯	**પૂના**	: ૯૪૨૨૬ ૬૦૪૯૭

U.S.A.	: +1 877-505-DADA (3232)	**Australia**	: +61 421127947
U.K.	: +44 330-111-DADA (3232)	**New Zealand**	: +64 21 0376434
Kenya	: +254 722 722 063	**Singapore**	: +65 81129229
UAE	: +971 557316937		

વેબસાઈટ : www.dadabhagwan.org



એડજસ્ટ એવરીવ્હેર

સંસારમાં બીજું કશું ના આવડે તેનો વાંધો નથી પણ 'એડજસ્ટ' થતાં તો આવડવું જોઈએ. સામો 'ડિસ્એડજસ્ટ' થયા કરે ને આપણને અનુકૂળ થતાં આવડે, તો કોઈ દુઃખ જ ન હોય. માટે 'એડજસ્ટ એવરીવ્હેર.' દરેક જોડે 'એડજસ્ટમેન્ટ' થાય એ જ મોટામાં મોટો ધર્મ. આ કાળમાં તો જુદી જુદી પ્રકૃતિઓ, તે 'એડજસ્ટ' થયા વગર કેમ ચાલે.

અમે આ સંસારની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. છેલ્લા પ્રકારની શોધખોળ કરીને અમે આ બધી વાતો કરીએ છીએ. વ્યવહારમાં કેમ કરીને રહેવું, તેય આપીએ છીએ અને મોક્ષમાં કેવી રીતે જવાય, તેય આપીએ છીએ. તમને અડચણો કેમ કરીને ઓછી થાય એ અમારો હેતુ છે.

- દાદાશ્રી

dadabhagwan.org

ISBN 978-81-89725-28-0

9 788189 725280

Printed in India

Price ₹7